# GST ની સરળ ભાષામાં સમજુતી (by CA. Deep Koradia)

<u>પ્રાથમિક સમજ:</u>

- GST લગાવતી વખતે - **PLACE** (કયું સ્થળ), **VALUE** (કઈ કીમત), **RATE** (કયા દરથી) અને **TIME** (કયા સમયે) – આ બાબતો મહત્વની છે
- PLACE (કઈ જગ્યાએ સપ્લાય કર્યું): - જો ગુજરાતમાં (પોતાના જ રાજ્યમાં) જ સપ્લાય થયું હોય તો SGST+CGST લાગશે.
  જો ગુજરાતની (રાજ્યની) બહાર સપ્લાય થયું હોય તો IGST લાગશે.
- VALUE (કઈ કીમત પર ટેક્ષ લગાવવો?): સામાન્ય રીતે "ટ્રાન્જેકશન વેલ્યુ" પર ટેક્ષ લગાવવો. એટલે કે બીલની કીમત પર ટેક્ષ લગાવવો, પરંતુ જો રીલેટેડ પાર્ટી, બ્રાન્ચ ટ્રાન્સફર કે એજન્ટને ટ્રાન્સ્ફર કરેલું હોયતો તેના માટે <u>વેલ્યુએશન રુલ્સ</u> પ્રમાણે કીમત નક્કી થશે.
- જો તમે ગ્રાહક પાસેથી લેટ ફી / વ્યાજ કે પેનલ્ટી લગાવેલ હશે તો તેના પર પણ GST લાગશે. જયારે તમે લેટ ફી / વ્યાજ કે પેનલ્ટી મેળવશો તે સમયે તેના પર <u>GST ભરવાનો રહેશે.</u>
- RATE (કયો રેટ લગાવવો?): રેટ નક્કી કરવા માટે સૌપ્રથમ તમારા ગુડ્સ કે સર્વિસીસનો HSN કોડ / SAC કોડ નક્કી કરવાનો રહેશે ત્યારબાદ તે કોડ પરથી રેટના શેડ્યુલ મુજબ રેટ નક્કી થશે.
- TIME (કયા સમયે ટેક્ષ ભરવો?): એડવાન્સ રીસીપ્ટ / ટેક્ષ ઇન્વોઇસ – આ બંને માંથી જે પહેલા થયું હોય તે ટાઇમ પર ટેક્ષ ભરવાનો રહેશે. જો ટેક્ષ ઇન્વોઇસ સમયસર બનાવેલું ના હોય તો ગુડ્સ જયારે ધંધાકીય જગ્યાએથી બહાર જશે / ગુડ્સ ડીલીવર થશે તે સમયે ટેક્ષ ભરવાનો રહેશે.

<u>ખરીદી પર ટેક્ષ ભરવાની જોગવાઈ (Reverse Charge Mechanism)</u>

- કોઈ સ્પેસીફાઈડ ગુડ્સ કે સર્વિસ (જેમકે – ગુડ ટ્રાન્સપોર્ટ એજેન્સી સર્વિસ) લીધેલ હોય તો તે ગુડ્સ કે સર્વિસ પર ખરીદનારે પહેલા ટેક્ષ ભરવાનો રહેશે અને તે ટેક્ષ ભર્યા બાદ તેની ક્રેડીટ મજરે મળશે.
- અનરજીસ્ટરડ (unregistered) વ્યક્તિ પાસેથી ખરીદી કરેલી હોય તો તેના પર ખરીદનારએ પહેલા ટેક્ષ ભરવાનો રહેશે અને તે ટેક્ષ ભર્યા બાદ તેની ક્રેડીટ મજરે મળશે.
- જો એક દિવસ માં ગુજરાત માથી આવી અનરજીસ્ટરડ પાસેથી કરેલી ટોટલ ખરીદી ૫૦૦૦ રૂ. થી ઓછી હશે તો રીવેર્સ ચાર્જ લાગુ પડશે નહિ. જો આ રકમ ૫૦૦૦ રૂ. થી વધી જાય તો ટોટલ રકમ પર રીવેર્સ ચાર્જ લાગશે.
- કોમ્પોજીસન સપ્લાયરે પણ ઉપર જણાવેલ ખરીદી માટે ટેક્ષ ભરવાનો રહેશે. ટેક્ષ ભર્યા બાદ તેની ક્રેડીટ મળશે નહિ.
- જયારે ખરીદી પર ટેક્ષ ભરવાનો આવે ત્યારે તેનું ટેક્ષ ઇન્વોઇસ પણ ખરીદનારે જ બનાવવાનું રહેશે.

<u>રજીસ્ટ્રેશન</u>

- ૨૦ લાખથી વધારે ટર્નઓવર થાય ત્યારે રજીસ્ટ્રેશન લેવાનું રહેશે.
- જે રાજ્યમાંથી ટેક્ષેબલ સપ્લાય કરેલ હોય તે દરેક રાજ્યમાં રજીસ્ટ્રેશન લેવાનું રહેશે.
- માત્ર અને માત્ર સંપુર્ણ એક્ષેમ્ટ ગુડ્સ અથવા સર્વિસનું જ સપ્લાય કરતા હો તો રજીસ્ટ્રેશન લેવું જરૂરી નથી.
- જો તમે "એગ્રીકલ્ચરિસ્ટ" તરીકે સપ્લાય કરેલ હોય તો રજીસ્ટ્રેશન લેવું જરૂરી નથી.
- ૨૦ લાખનું એક્ષેમ્ટેડ ગુડ્સનું વેચાણ કરેલ હોય અને ૧ રૂ.નું પણ ટેક્ષેબલ ગુડ્સનું વેચાણ કરેલ હોય તો રજીસ્ટ્રેશન લેવું ફરજીયાત છે.
- જો સતત ૬ માસ સુધી રીટર્ન ન ભરેલ હોય તો રજીસ્ટ્રેશન કેન્સલ કરવામાં આવશે. [કોમ્પોઝીશન માટે ૯ માસ]
- ધંધાના મુખ્ય સ્થાને તથા દરેક બીજા એડિશનલ સ્થાને "રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ" દેખાય એ રીતે લગાવવાનું રહેશે.
- GST નંબર ધંધાના સ્થાનનાં નામ બોર્ડ પર લખવાનું રહેશે.
- માઈગ્રેશન કર્યા બાદ હજુ એક વાર ફોર્મ REG26માં વિગતો આપવાની રહેશે. પછી ફાઈનલ સર્ટીફીકેટ મળશે.

<u>**ફરજીયાત રજીસ્ટ્રેશન** (ટર્નઓવર ૨૦ લાખથી ઓછું હોય તો પણ)</u>

- **પોતાના રાજ્યની બહાર વેચાણ કર્યું હોય**
- **"કેઝ્યુઅલ પર્સન" તરીકે રજીસ્ટરડ થયા હોય.**
- **જો તમે સ્પેસીફાઇડ ગુડ્સ કે સર્વિસ લીધેલ હોય કે તેના પર તમને "રીવર્સ ચાર્જ મેકેનીઝમ" પ્રમાણે ટેક્ષ ભરવાનો થતો હોય.**
- **જો તમે એજન્ટ તરીકે સપ્લાય કરતા હો.**
- **જો તમે કોઈ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર સપ્લાય કરતા હો (જેમ કે ફ્લીપકાર્ટ, એમેઝોન)**

આવા લોકોને રજીસ્ટ્રેશન લેવું ફરજીયાત છે. ૨૦ લાખની લિમિટનો બેનીફિટ મળવા પાત્ર નથી.

<u>કોમ્પોઝીશન સ્કીમ</u>

- જેનું ટર્નઓવર FY 2016-17 માં 75 લાખથી ઓછું હશે તથા ક્વાટર-1 FY-17-18 માં 75 લાખને ક્રોસ નહી કરેલ હોય તે આ સ્કીમનો લાભ લઇ શકશે.

Compiled By CA Deep Koradia

- કોમ્પોઝીશનના દર:-
    - 1% ટ્રેડર માટે
    - 2% ઉત્પાદન કરનાર માટે
    - 5% રેસ્ટોરન્ટ / કેટરર્સ માટે

કોમ્પોઝીસન સ્કીમ માટે ધ્યાન રાખવાની બાબતો:

- રેસ્ટોરન્ટ અને કેટરિંગ સિવાયના કોઇપણ સર્વિસ પ્રોવાઈડર ને આ સ્કીમનો લાભ મળશે નહિ.
- રાજ્યની બહાર (ગુજરાતની બહાર) વેચાણ કરનારને આ સ્કીમનો લાભ મળશે નહિ.
- ૩૦ જુન ૨૦૧૭ ના સ્ટોકમાં ગુજરાત બહારથી લીધેલ વસ્તુ પડી હશે તો લાભ મળશે નહિ.
- ૩૦ જુન ૨૦૧૭ ના સ્ટોકમાં કોઇપણ વસ્તુ અનરજીસ્ટર્ડ ડીલર પાસેથી લીધેલ હશે તો તેના પર પહેલા GST ભરવાનો રહેશે પછી સ્કીમનો લાભ લઇ શકાશે.
- કોમ્પોઝીશન સ્કીમનો લાભ લેતા વેપારીને વેચાણ કરતી વખતે "BILL OF SUPPLY" (બીલ ઓફ સપ્લાય) આપવાનું રહેશે.
- "BILL OF SUPPLY" (બીલ ઓફ સપ્લાય) પર "Composition taxable person, not eligible to collect tax on supllies" લખવાનું રહેશે.
- ધંધાના સ્થળના નામ બોર્ડમાં "Composition Taxable Preson" લખવાનું રહેશે.
- કોમ્પોઝીસન ટેક્ષેબલ વ્યક્તિ જો સ્પેસીફાઈડ ગુડ્સ કે સર્વિસીસ લેશે અથવા અનરજીસ્ટર્ડ પાસેથી ખરીદી કરશે તો તેના પર પુરા રેટથી GST ભરવાનો રહેશે અને તેની ક્રેડીટ (ટેક્ષ) મજરે મળશે નહિ.
- ઉપર જણાવેલ દર બધા જ વેચાણ એટલેકે એક્ષેમ્ડ વેચાણ પર પણ ભરવાનો રહેશે.
- ત્રીમાસીક રીટર્ન ભરવાનું રહેશે.
- વેચાણની ડીટેઇલનું ટોટલ તથા તેના પર ઉપર જણાવેલ દરનો ટેક્ષ રીટર્નમાં જણાવવાનું રહેશે.
- ખરીદી એક-એક બીલ વાઈઝ દેખાડવાની રહેશે.

Compiled By CA Deep Koradia

ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) (ખરીદી પર ભરેલ ટેક્ષ મજરે લેવા બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો)

- નીચે મુજબની શરતો પૂરી થશે પછી જ ખરીદી પરનો ટેક્ષ મજરે મળશે.
    1) ખરીદીનું ઇન્વોઇસ આવી ગયેલ હોય
    2) ગુડ્સ / સર્વિસીસ મળી ગયેલ હોય
    3) જેના પાસેથી ખરીદી કરેલ હોય તેણે ટેક્ષ ચૂકવી દીધેલ હોય
    4) રીટર્ન ભરેલું હોય
- જો ગુડ્સ લોટમાં આવતો હોય તો જયારે છેલ્લો લોટ આવે ત્યારે ક્રેડીટ મળશે.
- ખરીદી કરેલ વસ્તુનું પેમેન્ટ 180 દિવસમાં ન કરેલ હોય તો તેની ક્રેડીટ રીવર્સ કરવી પડશે.
- પછી જયારે પેમેન્ટ કરશો ત્યારે ક્રેડીટ મળશે.
- કોઈ કેપિટલ ગુડ્સ લીધેલું હોય તો તેની ક્રેડીટ તો જ મળશે જો તે ક્રેડીટ પર ઘસારાનો લાભ ન લીધેલ હોય.

GST માં સરળતાથી માઈગ્રેટ થવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો:

- તમારો 31/3/17 તથા 30/6/17 નો સ્ટોક લઇ લો.
- 30/6/17 ના સ્ટોકને Qty wise મેઈનટેન કરવાનો છે તો તેનું પત્રક તૈયાર કરી દો અથવા કોમ્પ્યુટરમાં નાખી દો.
- જો તમે સ્ટોક પરની ક્રેડીટ GSTમાં મજરે લેવા માંગતા હોવ તો નીચે મુજબના ફોર્મેટમાં સ્ટોક લેવો જરૂરી છે.

| Sr. no. | Details of inputs held in stock or inputs contained in semi-finished or finished goods held in stock | | | | |
|---|---|---|---|---|---|
| | HSN (at 6 digit level) | Unit | Qty. | Value | Eligible Duties paid on such inputs |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |

- તમારા દરેક સપ્લાયર પાસેથી સ્ટેટમેન્ટ મેળવી તેને તમારા ચોપડા જોડે મેળવો.
- 1-4-2015 થી 30-6-2017 સુધીના કોઇપણ C ફોર્મ / H ફોર્મ / I ફોર્મ મેળવવાના બાકી હોય તો તે મેળવો.
- જો કોઈ પણ C ફોર્મ / H ફોર્મ / I ફોર્મ ની સામે વેચાણ કરેલ હોય અને તે ફોર્મ મેળવેલ ન હોય તો તેની ક્રેડીટ રીવર્સ કરવાની રહેશે.
- 30-6-2017 નો જે સ્ટોક લીધેલ છે તેના બીલની ફાઈલ અલગ બનાવી અને જો તે ખરીદી 1 વર્ષથી જૂની હોય તો તેની ક્રેડીટ મળવા પાત્ર નથી.
- તમારો GST નંબર દરેક સપ્લાયરને મોકલો જેથી 1-જુલાઈ-૧૭ થી તમામ ખરીદી પરના બીલની ક્રેડીટ તમે લઇ શકો.
- તમારા દરેક સપ્લાયર્સનો તથા રજીસ્ટર્ડ ગ્રાહકનો GST નંબર મેળવો
- તમે જે વસ્તુનો ધંધો કરો છો તે દરેક વસ્તુનો HSN/SAC કોડનું લીસ્ટ બનાવો અને ફાઈનલ રજીસ્ટ્રેશનમાં તેને એડ કરો.
- જો કોઈ સ્ટોક જોબવર્ક પર મોકલાવેલ હોય અને 30-જુન-૨૦૧૭ના તમારા સ્ટોકમાં ન હોય તો તેનું લીસ્ટ બનાવો.

ઇન્વોઇસ અને એકાઉન્ટીગ

| List of invoices/ related documents to be maintained | | | | |
|---|---|---|---|---|
| Section | Invoice Rule | List of Invoices Given by Assessee (Serially numbered) | Purpose | Effect to be given IN |
| 31(3)(a) | 1 | Revised Tax Invoice | - માત્ર નવું રજીસ્ટ્રેશન લેતી વખતે, રજીસ્ટ્રેશન માટે અરજી કરો અને રજીસ્ટ્રેશન મળે ત્યા સુધી | Output tax liability |
| 31(1) | 1 | Tax invoice | -દરેક ટેક્ષેબલ સપ્લાય માટે | Output tax liability |
| 31(3)(f) | 1 | Tax invoice (for RCM) | -ખરીદી પર ટેક્ષ ભરવાનો થાય ત્યારે | Cash ledger and ITC |
| 31(3)(c) | 4 | Bill of Supply | -એક્ષમટેડ વસ્તુ નું વેચાણ માટે<br>-કોમ્પોઝીસન માટે | Output tax liability |
| 34 | 8 | Debit Note / supplementary invoice | -બીલ ની રકમ મા વધારો કરવા માટે | Output tax liability |
| 34 | 8 | Credit Note | -ગૂડ્સ પાછુ આવે અથવા રકમ માં ઘટાડો થાય ત્યારે | ITC |
| 31(3)(g) | 7 | Payment Voucher | ખરીદી પર ટેક્ષ ભરવાનો થાય ત્યારે તેનું પેમેન્ટ કરતી વખતે | ITC |
| 31(3)(d) | 5 | Receipt Voucher | એડવાન્સ પેમેન્ટ લેતી વખતે | Output tax liability |
| 31(3)(E) | 6 | Refund Voucher | એડવાન્સ પેમેન્ટ પાછુ આપતી વખતે | ITC |
| 143,19 | 10 | Delivery Challan | -જોબવર્ક પર મોકલતી વખતે<br>-ગૂડ્સ ઓન એપ્રુવલ મોકલતી વખતે | No effect in Tax |
| | E Way bill rules | E Way bill | ૫૦૦૦૦ થી વધારે વેલ્યુ નું ગૂડ્સ ટ્રાન્સપોર્ટ કરતી વખતે | No effect in Tax |

- ૨૦૦ રૂ. સુધીના વેચાણ સુધી બીલ બનાવવું ફરજીયાત નથી. આખા દિવસના અંતે ટોટલ સેલ્સનું એક બીલ બનાવી શકાશે પરંતુ જો ખરીદનાર બીલ માંગે તો આપવું ફરજીયાત છે.
- ગુડ્સ વેચાણમાં ટેક્ષ ઇન્વોઇસ ૩ કોપીમાં બનશે.
- સર્વિસીસ માટે 2 કોપીમાં બનશે.



Compiled By CA Deep Koradia

Returns:

| Section | Return Form | What to file? | By Whom? | By When? | Restriction | Penalty |
|---|---|---|---|---|---|---|
| 37 | GSTR1 | Details of outwards supplies | Registered Taxable Supplier | 10th of next month | Cant be filled bet. 11th to 15th | 100 Rs per day, Max 5K |
| 38 | GSTR2A | Details of Inward Supply provided by supplier will be made available | Registered Taxable Recipient | 11th to 15th of next month | - | - |
| 38 | GSTR2 | Details furnished in GSTR2A need to be verify, validate, modify, delete or new entry need to be uploaded | Registered Taxable Recipient | 11th to 15th of next month | - | 100 Rs per day, Max 5K |
| 37 | GSTR1A | Details modified by recipient will be available to supplier | Registered Taxable Supplier | 15th to 17th of next month | | 100 Rs per day, Max 5K |
| 39 | GSTR3 | monthly return on the basis of final details of GSTR1 & 2 along with payment of tax | Registered Taxable Supplier | by 20th of next month | - | 100 Rs per day, Max 5K |
| 39 | GSTR4 | Qtrly return for **composite supplier** | Composition Supplier | by 18th of succeeding month of Qtr | - | 100 Rs per day, Max 5K |
| 44 | GSTR9 | Annual return | Registered Taxable Supplier / Composition Supplier | by 31st dec of next year | - | 100 Rs per day, 0.25% of Turnover Max |

- Sales details need to be provided in Return
  - Invoice wise details of all B2B Supplies [Interstate and Intrastate]
  - Invoice wise details of B2C interstate supplies of which invoice value is > 250000
  - Consolidated details B2C intrastate – Bifurcated rate-wise
  - Consolidated details of B2C Interstate – Bifurcated State-wise, rate-wise
  - Debit credit notes
- Purchase Details invoice wise, including invoices made under RCM
- Sales & Purchase details need to be provided in return by Composition Supplier
  - Consolidated details of Sales
  - Invoice-wise, State-Wise purchase details, including invoice made under RCM
- Tax Payment Date = Return Filling Date

Compiled By CA Deep Koradia